ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

KRCSC BHAVNAGAR

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

"વિજ્ઞાન ભવન" પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

**Phone** : 0278-2570110, 2570111 **Email** :krcscbhavnagar@yahoo.co.in **Website** : www.krcscbhavnagar.org

**અખબારી યાદી** તા: ૯/૦૯/૨૦૧૫

પ્રતિ,
તંત્રીશ્રી,
.........................................................., ભાવનગર.

## રામાનુજન ગણિત પ્રતિભા શોધ સ્પર્ધા (MATHS OLYMPIAD) ૨૦૧૫ કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર ખાતે યોજાશે.

ગુજરાતની શાળાઓના વિદ્યાર્થીઓમાં રહેલી ગણિત પ્રતિભાનું શોધન અને અભિવાદન કરવા તથા તેને પ્રોત્સાહન આપવાના હેતુથી રામાનુજન ગણિત સ્પર્ધા **(RGS)** નું આયોજન **ગુજરાત ગણિત મંડળ** દ્વારા ત્રણ વિભાગમાં ગુજરાત કક્ષાએ કરવામાં આવે છે. જેના અનુસંધાને ભાવનગરમાં જિલ્લા કક્ષાએ કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા રામાનુજન ગણિત સ્પર્ધા **RGS (Pre RMO)** નું આયોજન આવેલ છે. આ સ્પર્ધામાં ધો. ૭ થી ૧૨માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ ભાગ લઈ શકશે.

**આ રામાનુજન ગણિત સ્પર્ધા ત્રણ વિભાગોમાં લેવામાં આવશે.** વિભાગ–૧: ધો. ૭ કે ૮ માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ માટે **વિભાગ–૨:** ધો. ૯ કે ૧૦ માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ માટે **વિભાગ–૩:** ધો. ૧૧ અને ૧૨માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ માટે રહેશે. **સમગ્ર રાજયની સાથે ભાવનગર**જિલ્લામાં પણ **રામાનુજન ગણિત સ્પર્ધા RGS (Pre RMO) તા.૨૭ સપ્ટેમ્બર, ૨૦૧૫ રવિવાર બપોરના ૧ થી ૪ ના રોજ યોજાશે. જે RGS (Pre RMO) ની ભાષા** અંગ્રેજી તથા ગુજરાતી રહેશે. સ્પર્ધાની તમામ કક્ષા અને વિભાગ માટે પ્રવેશ ફી વિદ્યાર્થી દીઠ રૂ. ૮૦/– એક જ વાર રહેશે. સ્પર્ધામાં ઓછામાં ઓછા ૫૦ ગુણ મેળવનારને પ્રમાણપત્ર આપવામાં આવશે. સ્પર્ધામાં અંકગણિત, બીજગણિત, ભૂમિતિ, સુરેખ સમીકરણો, જેવા અભ્યાસક્રમને આધારિત પ્રશ્નો રહેશે. **રામાનુજન ગણિત સ્પર્ધા** માંથી **(પ્રાદેશિક ગણીત સ્પર્ધા)** RMO માટે પસંદ થયેલ સ્પર્ધકને ઈ–મેઈલથી RMO-2015માં ભાગ લેવા માટે આમંત્રણ આપવામાં આવશે. ગ્રામ્ય વિસ્તારની શાળાઓમાં આ સ્પર્ધા યોજવા માટે ઓછામાં ઓછા ૪૦ વિદ્યાર્થીઓની નોંધણી કરવાવામાં આવશે તો જે તે શાળા કક્ષાએ પરીક્ષાનું કેન્દ્ર ફાળવવાની કાર્યવાહી કરવામાં આવશે.

પરીક્ષાનું કેન્દ્ર ફાળવવા અંગે તથા સ્પર્ધા અંગેની વધુ વિગતો માટે કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, વિજ્ઞાન ભવન, પ્લોટ નં. ૨૨૦૬/૪–એ, સંસ્કાર મંડળ, પંજાબ નેશનલ બેંકની ગલી, હિલડ્રાઈવ, ભાવનગરનો સવારના ૧૦ થી સાંજના ૬ કલાક દરમિયાન ફોન નં.(૦૨૭૮)૨૫૭૦૧૧૧/૧૧૦ સંપર્ક કરવો.

પ્રી.બી.ત્રિવેદી

(પ્રીતિ ત્રિવેદી)
ઓફિસ ઈન્ચાર્જ,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર,
ભાવનગર.